# સતત સર્વગ્રાહી મૂલ્યાંકન કસોટી

**વિષય: સામાજીક વિજ્ઞાન** **પ્રથમ સત્ર** **ધોરણ: ૭**

**સમાવિષ્ટ પ્રકરણ: ૭,૮,૯** **ગુણ: ૨૦**

------------------------------------------------------------------------------------------------------------

**પ્રશ્ન: ૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી સાચા વિકલ્પ સામે ખરાની નિશાની કરો. ગુણ:(૫)**

(૧) એશિયા ખંડમાં ભારતનું સ્થાન કઈ દિશામાં છે?

( ) ઉત્તર ( ) પૂર્વ ( ) દક્ષિણ ( ) પશ્ચિમ

(૨) ભૂપૃષ્ઠની દ્રષ્ટિએ ભારતને કેટલા ભાગમાં વહેંચી શકાય?

( ) ચાર ( ) ત્રણ ( ) સાત ( ) પાંચ

(૩) દિલ્લીની ગાદી ઉપર ખલજી વંશની સ્થાપના કોણે કરી?

( ) નાસિરુદ્દીને ( ) ગિયાસુદ્દીને ( ) અલાઉદ્દીને ( ) જલાઉદ્દીને

(૪) રાજયના મુખ્યમંત્રીની નિમણૂંક કોણ કરે છે?

( ) રાજયપાલ ( ) રાષ્ટ્રપ્રમુખ ( ) અધ્યક્ષ ( ) વિરોધપક્ષ

(૫) વિધાનસભાની બેઠકોનું સંચાલન કોણ કરે છે?

( ) મુખ્યમંત્રી ( ) કાયદામંત્રી ( ) રાજયપાલ ( ) અધ્યક્ષ

**પ્રશ્ન: ૨ નીચે આપેલા જોડકામાં (અ) વિભાગ સામે (બ) વિભાગમાંથી યોગ્ય જવાબ શોધીને તેનો સાચો ક્રમ લખો. ગુણ: (૫)**

| (અ) | | (બ) |
|---|---|---|
| (૧) ભારતનો પ્રથમ મુસ્લિમ શાસક | [ ] | (૧) ૩૨૧૪ કિ.મી. |
| (૨) ગુલામવંશનો ખરો સ્થાપક | [ ] | (૨) ૨૯૩૩ કિ.મી. |
| (૩) કાંચનજંગા શિખરની ઉંચાઈ | [ ] | (૩) ઈલ્તુત્મિશ |
| (૪) ભારતની ઉત્તર દક્ષિણ લંબાઈ | [ ] | (૪) ૮૫૯૮ મીટર |
| (૫) ભારતની પૂર્વ પશ્ચિમ પહોળાઈ | [ ] | (૫) કુત્બુદ્દીન ઐબક |

**પ્રશ્નઃ ૩ નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** **ગુણઃ (૫)**

(૧) ભારતની ત્રણે બાજુ દરિયો આવેલો છે. [ ]

(૨) સિંકદર લોદી ધર્મની બાબતમાં અસહિષ્ણું હતો. [ ]

(૩) મુખ્યમંત્રી વિધાનસભામાં ખરડો રજૂ કરે છે. [ ]

(૪) રાજયપાલ રાજયના બંધારણીય વડા છે. [ ]

(૫) અંદમાન અને નિકોબાર ટાપુઓ અરબસાગરમાં આવેલા છે. [ ]

**પ્રશ્નઃ ૪ નીચેના પ્રશ્નોના જવાબ આપો.** **ગુણઃ (૫)**

(૧) ગુજરાત વિધાનસભાની કુલ સભ્ય સંખ્યા કેટલી છે?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

(૨) વિધાનસભાની ચૂંટણી દર કેટલા વર્ષે થાય છે?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

(૩) ઈ.સ. ૧૨૩૬માં દિલ્લીની ગાદી ઉપર આવનાર પ્રથમ મહિલા શાસક કોણ હતી?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

(૪) વિજયનગરની સ્થાપના કઈ નદીના કિનારે થઈ હતી?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

(૫) ભારતની વાયવ્ય સીમાએ કયો દેશ આવેલો છે?

........................................................................................................

........................................................................................................

........................................................................................................